# પરમાત્માનો પ્રેમપત્ર-મુરલી



જ્ઞાનામૃત

બ્રહ્માકુમાર અનિલ

"જ કથા વાર્તા પ્રમાણે કહેવાય છે કે શ્રીકૃષ્ણને મુરલીધર કહેવાય! કૃષ્ણ શબ્દનો અર્થ થાય છે કે 'આકર્ષિત કરનારા.' વાસ્તવમાં કોઈ દેહધારી દેવાત્મા કેવી રીતે મુરલીના સૂર દ્વારા આપણા વિષયવિકારોને દૂર કરી શકે? પાવન બનાવી શકે? વાસ્તવમાં સર્વને આકર્ષિત કરનાર દેવાત્માના રચયિતા પરમ પિતા પરમાત્મા શિવ છે. જે જ્ઞાન - મુરલીદ્વારા મુરલીધર સ્વરૂપે આપણા વિકારોને દૂર કરે છે. જ્ઞાન એ દીવાદાંડી સમાન છે. જીવનમાં અંધકારમાં પ્રકાશ પાથરે છે. જ્ઞાન વિના મનુષ્યનું જીવન અધૂરું અને દિશાહીન છે. આ ઈશ્વરીય જ્ઞાન બધી વિદ્યાઓના રાજા સમાન રાજવિદ્યા છે. સર્વ રહસ્યનો રાજા રાજગૃહ્ય પણ છે. આ જ્ઞાન અતિ પવિત્ર છે, અતિ શ્રેષ્ઠ છે, પ્રત્યક્ષ ફળ આપનારું, સર્વધર્મથી ભરપૂર તેમ જ અવિનાશી છે. પરમાત્મા શિવ પૂર્ણ છે તેથી આ જ્ઞાન પણ પૂર્ણ છે. પૂર્ણમાંથી જ પૂર્ણનો ઉદય થયો છે. પૂર્ણમાંથી જો પૂર્ણ અર્પણ કરવામાં આવે તો પૂર્ણ જ શ્રેષ્ઠ રહે છે. આ સંસારમાં પરમાત્મા જ એક સંપૂર્ણ સત્તા છે. સત્યમ્ શિવમ્ સુંદરમ્ એવા પરમાત્મા જ સચોટ જ્ઞાન આ સંસારને આપી શકે છે. આવું સર્વ શ્રેષ્ઠ જ્ઞાન એટલે પરમાત્માનું તેનાં સંતાનો-આત્માઓ પ્રતિ પ્રેમપત્ર જેને 'જ્ઞાન મુરલી' પણ કહેવામાં આવે છે. ગાયન છે કે મુરલીધરની મનમોહક મુરલીના સૂર સાંભળીને આત્મારૂપી ગોપ-ગોપીઓ દેહની શુદ્ધ-બુદ્ધ ભૂલીને નાચવા લાગતા. એક વિશિષ્ટ પ્રકારના અતિ ઈન્દ્રિય સુખમાં ઝૂમતાં પરંતુ શું એ વાંસની વાંસળી-મુરલી હતી? ના ભાઈ ના? મુરલીનું આધ્યાત્મિક રહસ્ય એટલે પરમપિતા પરમાત્મા શિવ દ્વારા બ્રહ્માના મુખ કમળ દ્વારા જે મધુર મહાવાકયનું ઉચ્ચારણ કરે છે તે 'શિવ ભગવાન વાચ' તે છે સાચી મુરલી. કહેવાય છે કે 'મુરલી મે હે જાદુ તેરા! એટલે જરૂર ભગવાનની મુરલીના સૂર દુનિયા કરતાં અનોખા રહેવાના. જે જન્મ જન્માંતરનાં દુઃખ અને પીડાને દૂર કરનારા અને જીવનને પણ સુમધુર સંગીતથી ભરી દે છે. ગોપીભાવ અર્થાત્ ગો એટલે ઈન્દ્રિય અને પી અર્થાત્ રસપાન કરનાર જે મુરલીથી આત્મારૂપી ગોપીઓ શુદ્ધ-બુદ્ધ ભૂલીને ઈશ્વરીય જ્ઞાન અમૃતનું રસપાન કરતા આત્માઓ.

**મુરલી એ દરેક સમસ્યાનું સમાધાન છે, એના જેવું કોઈ શસ્ત્ર કે શાસ્ત્ર નથી**

ગોપીઓ માટે કહેવાયું છે કે મુરલીની એવી દીવાની હતી કે ઉતાવળમાં આંખનું કાજળ ગાલે આંજી દેતી. પગમાં પગરખાં પહેરવાનું ભૂલી જતી, રસોઈ પણ દાઝી જતી, દૂધ પણ ઉભરાય જતું અને દોડી જાય મુરલી સાંભળવા. ગોપીઓ શુદ્ધ-બુદ્ધ ભૂલી જતી અર્થાત્ જીવાત્માઓ પોતાના જૂના સ્વભાવ, સંસ્કાર, કમી-કમજોરી, અવગુણોને ભૂલી, સમાપ્ત કરીને જીવનમાં દિવ્યતા ધારણ કરવી અર્થાત્ પરમાત્માના મહાવાકયોને-મુરલીને, ઈશ્વરીય જ્ઞાનરત્નોને ધારણ કરીને અર્થાત્ આચરણમાં મૂકીને પોતાના કળિયુગી જીવનને ભૂલી એક નવા જન્મ અને જીવનની શરૂઆત કરે છે. પરમાત્મા શિવનો એમનાં સંતાનો-આત્માઓ ઈશ્વરીય જ્ઞાનસભર પ્રેમપત્ર અર્થાત મુરલી જે આત્માઓને અજ્ઞાન અંધકારમાંથી જ્ઞાનની રોશની તરફ લઈ જાય છે. આ પ્રેમપત્ર સંજીવની બુટ્ટી સમાન છે. મૂર્છિત વ્યક્તિને સૂરજિત કરનારી છે. નિરાશ જીવનમાં આશાઓના દીપક જગાવનાર છે, ઉમંગ ઉત્સાહના પ્રાણ પૂરનાર સંજીવની છે. મુરલી એક એવો રામબાણ ઈલાજ છે. દુઃખી, અશાંત, ડિપ્રેશનથી પીડિત આત્માના જીવનમાં શાંતિનો સંચાર કરે છે. તણાવયુક્ત જીવન તણાવમુક્ત બને છે. મુરલી એક ટોનિક પણ છે. જ્ઞાન ઈન્જેક્શન છે. મુરલી તો ગ્લુકોઝની બોટલ પણ છે. અશક્તને સશક્ત બનાવનારી આ મુરલી આત્મવિશ્વાસ પણ છે. આ ખુદા દોસ્તનો પ્રેમપત્ર પરમાત્માની ભાવના, આશા અને પ્રેમ દ્વારા સ્પષ્ટ કરે છે. જેનાથી આસુરી અવગુણવાળો આત્મા પણ પરિવર્તિત થઈ જાય છે. ભાગ્યનો સિતારો ચમકાવનારો પત્ર છે. આત્માઓનું સુરક્ષાકવચ પણ છે. સર્વ સમસ્યાઓનું સમાધાન પણ છે. મુરલી સ્થિતિને અચલ રાખે છે.

મુરલી સુરક્ષાકવચ છે. મનુષ્યના જીવનમાં દરેક પાસાંઓને સુરક્ષિત રાખે છે અર્થાત્ અનેક સમસ્યાઓ અને વિઘ્નોથી બચી જાય છે. મુરલી એ દરેક સમસ્યાનું સમાધાન છે. એના જેવું કોઈ શસ્ત્ર કે શાસ્ત્ર નથી. જેમાં દરેક પ્રશ્નનો ઉકેલ હોય. પરમાત્માની જો કોઈ આત્મારૂપી ગોપીકા હોય, જેના જીવનમાં મુરલીનું મહત્ત્વ પોતાના પ્રાણ કરતાં પણ વધારે હોય. મુરલી આપણા અવગુણોને સમાપ્ત કરનારી જ્ઞાનતલવાર છે અને આપણામાં રહેલા અવગુણોનું સ્પષ્ટ દર્શન કરાવનાર સૂક્ષ્મદર્શક યંત્ર પણ છે. મિત્રો, આપણે કાષ્ટની સ્થૂળ મુરલીને સ્થાને આપણા વર્તમાન જીવનમાં પરમાત્માની જ્ઞાન મુરલીના અમૂલ્ય મહાવાકયોને જીવનમાં ધારણ કરીએ અને આપણું જીવન અને આપણા સહપરિવારનું જીવન સુખ-શાંતિથી ભરપૂર બનાવીએ-પ્રેરણાસ્રોત બનીએ અને બનાવીએ.

# ક્યાં સુધી ક્રોધ કરશો?

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા

સાધુ જ્ઞાનાનંદદાસ

શ્રી કૃષ્ણ ભગવાન ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં કહે છે કે કામમાંથી ક્રોધ જન્મે છે, ક્રોધથી મોહ થાય છે, મોહથી સ્મૃતિભ્રંશ થાય છે અને સ્મૃતિભ્રંશથી બુદ્ધિ નષ્ટ થાય છે. જ્યારે બુદ્ધિ નષ્ટ થાય ત્યારે મનુષ્યનું પતન નિશ્ચિત છે. એટલે ક્રોધ માત્ર એક ભાવ નથી; તે તો ધીમે ધીમે જીવનને ખાઈ જતી અંદરની વાવાઝોડા જેવી શક્તિ છે.

ક્રોધ મનુષ્યના મનમાં ઊઠતો એક ક્ષણિક અગ્નિ છે પરંતુ તેની જ્વાળા ઘણી વાર જીવનનાં અનેક ક્ષેત્રોને દાઝી નાખે છે. ક્ષણભરનો ઉશ્કેરાટ વર્ષોની કમાણી બગાડી દે તેવી શક્તિ ધરાવે છે. તેથી જ પ્રાચીન ઋષિઓએ કહ્યું છે કે ક્રોધ વિપત્તિનું મૂળ છે. બહારથી જોતાં ક્રોધ શક્તિનો દેખાવ લાગે પરંતુ અંદરથી તે મનુષ્યને નબળો બનાવે છે. ક્રોધમાં માણસ પહેલાં પોતાના પરનો કાબૂ ગુમાવે છે, પછી પરિસ્થિતિ પરનો.

મહાભારતમાં દુર્યોધનનો અહંકાર અને ક્રોધ આખા કુરુવંશના વિનાશનું કારણ બન્યા. એક ક્ષણ માટે જો તેણે મનને સંયમમાં રાખ્યું હોત તો કદાચ ભયાનક યુદ્ધ ટળી જાત પરંતુ ક્રોધે બુદ્ધિને ઢાંકી દીધી. પરિણામે હજારો યોદ્ધાઓનો સંહાર થયો અને એક સમૃદ્ધ વંશનો અંત આવ્યો. ક્રોધ ઘણી વાર વ્યક્તિગત નહીં, સામૂહિક દુર્ભાગ્યનું પણ કારણ બની શકે છે.

દૈનિક જીવનમાં પણ આપણે આ સત્યને વારંવાર અનુભવી શકીએ છીએ. ઘરમાં નાની વાત પરથી થયેલો ઉશ્કેરાટ વર્ષો સુધી સંબંધોમાં કડવાશ ભરી દે છે. પિતા ગુસ્સામાં પુત્રને કઠોર શબ્દો બોલી જાય, પછી વર્ષો સુધી તે શબ્દોના ઘા મનમાં રહે. મિત્રો વચ્ચે થયેલી તીવ્ર બોલાચાલી ઘણી વખત સ્નેહના વર્ષો જૂના સંબંધો તોડી નાખે છે. એક ક્ષણનો ક્રોધ ઘણી વાર જીવનભરની પસ્તાવાની વાર્તા બની જાય છે. એક પ્રસંગ યાદ આવે છે. એક વિખ્યાત શિક્ષક પોતાના વર્ગમાં શાંતિપૂર્વક પાઠ ભણાવતા હતા. એક વિદ્યાર્થી વારંવાર તોફાન કરતો. વર્ગના બીજા વિદ્યાર્થીઓને લાગ્યું કે હવે શિક્ષક જરૂર ગુસ્સે થશે પરંતુ શિક્ષકે શાંતિથી કામ લીધું. એક વાર નહીં પણ અનેક વાર શિક્ષકે તે બાળકને પ્રેમથી સમજાવ્યો. થોડા દિવસોમાં તે જ વિદ્યાર્થી વર્ગનો સૌથી અનુશાસિત વિદ્યાર્થી બન્યો. જો ત્યાં ક્રોધ હોત તો કદાચ ભય જન્મત, પરિવર્તન નહીં. ક્રોધથી બાજી સુધારવા જતાં લોકોને કયારેક સમજાશે કે ક્રોધથી ઊલટી બાજી બગડે છે.

ક્રોધનું મૂળ ઘણી વાર અહંકારમાં હોય છે. "મારી વાત કેમ ન માની?" "મને કેમ અવગણ્યો?"- આવા પ્રશ્નો મનમાં આગ પ્રગટાવે છે પરંતુ જો મન થોડું વિશાળ બને તો સમજાય કે દરેક માણસની પોતાની પરિસ્થિતિ, પોતાની મર્યાદા હોય છે. સમજણ આવે ત્યાં ક્રોધ ઓગળી જાય છે. જ્યાં અહંકાર છે ત્યાં ઉશ્કેરાટ છે; જ્યાં વિનમ્રતા છે ત્યાં શાંતિ છે.

વિચારવા જેવી વાત એ છે કે ક્રોધનો ભોગ પહેલાં પોતે જ બનવું પડે છે. ક્રોધ આવે ત્યારે હૃદય ધબકે છે, ચહેરો તણાઈ જાય છે, વિચાર ગૂંચવાઈ જાય છે એટલે ક્રોધ કોઈને દંડ આપવા માટે નહીં પરંતુ પોતાને જ સજા આપવા જેવો છે. જેમ સ્વયં વિષપાન કરીને બીજા માણસના મરણની આશા રાખવી! તેવી જ સ્થિતિ ક્રોધની છે.



જિંદગીમાં ઘણી પરિસ્થિતિઓ એવી આવે છે જ્યાં મન ઉશ્કેરાય તે સ્વાભાવિક છે પરંતુ સમજદાર માણસ તે ક્ષણે થોડું થંભી જાય છે. એક ઊંડો શ્વાસ લે છે, શબ્દોને રોકે છે અને વિચાર કરે છે. ઘણી વાર થોડા ક્ષણનું મૌન મોટી વિપત્તિને અટકાવી દે છે. ક્રોધનો પ્રથમ ઉછાળો જ જો અટકાવી શકાય તો ઘણું નુકસાન ટળી શકે.

અંતે વાત એટલી જ છે કે મનુષ્યની મહાનતા તેની શક્તિમાં નહીં પરંતુ તેના સંયમમાં છે. જે મનુષ્ય પોતાના ક્રોધને વશમાં રાખી શકે છે, તે પરિસ્થિતિઓને પણ વશમાં રાખી શકે છે. શાંત મનમાં જ સાચી બુદ્ધિ જન્મે છે અને ત્યાંથી જ સુખી જીવનની શરૂઆત થાય છે.

**ક્રોધ ઘણી વાર વ્યક્તિગત નહીં, સામૂહિક દુર્ભાગ્યનું પણ કારણ બની શકે છે**

મહંત સ્વામી મહારાજ કહે છે કે ક્રોધ ક્ષણિક હોય છે પરંતુ તેની અસર લાંબા સમય સુધી રહે છે. જે મનુષ્ય આ ક્રોધની અગ્નિને સમયસર બુઝાવી દે છે, તે પોતાનું જીવન પણ બચાવે છે અને સંબંધોનું ઉદ્યાન પણ હરિયાળું રાખે છે. તેથી સાચી સમજ એ છે કે ક્રોધને પોષવો નહીં પરંતુ તેને દૂર કરવો. અધ્યાત્મ માર્ગમાં તો ક્રોધ એક જ ક્ષણમાં બધી સાધનાને શૂન્ય બનાવી દે છે. એટલે જ વિચારવા જેવું છે ક્યાં સુધી ક્રોધ કરશો?